શપથવિધીની સાથે સાથે...

ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે આજે વિજય રૂપાણીએ શપથ લીધા હતા. આની સાથે જ રૂપાણી બીજી વખત મુખ્યપ્રધાન બન્યા હતા. રૂપાણીની સાથે નિતિન પટેલ અને અન્યોએ પણ શપથ લીધા હતા. તેમની સાથે જે અન્યોએ શપથ લીધા હતા. તેમાં કેબિનેટ પ્રધાન તરીકે આરસી ફળદુ, કૌશિક પટેલ, સૌરભ પટેલ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ગણપત વસાવા, જયેશ રાદડિયા, દિલિપ ઠાકોર અને ઈશ્વર પરમારનો સમાવેશ થાય છે. જ્યારે રાજ્ય પ્રધાન તરીકે જે પ્રધાનોએ શપથ લીધા હતા. ભવ્ય શપથવિધીની સાથે સાથે નીચે મુજબ છે.

- ગુજરાતમાં વિજય રૂપાણીના નેતૃત્વમાં સરકારની ભવ્ય શપથવિધી થઇ
- ગુજરાતના રાજ્યપાલ કોહલીએ તમામને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા
- રૂપાણી કેબિનેટમાં કેબિનેટ પ્રધાન તરીકે આરસી ફળદુ, કૌશિક પટેલ, સૌરભ પટેલ, ભુપેન્દ્રસિંહ, ગણવત વસાવા, જયેશ રાદડિયા, દિલિપ ઠાકુર, ઈશ્વર પરમાર કેબિનેટ પ્રધાન બન્યા
- મોટી સંખ્યામાં લોકોની હાજરીમાં ગાંધીનગરના નવા સચિવાયલ ખાતે શપથવિધી
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, ૩૦ કેન્દ્રીયમંત્રીઓ અને ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા
- રાજનાથસિંહ, રવિશંકર પ્રસાદ, હર્ષવર્ધન, ગડકરી, રામવિલાસ પાસવાન પણ ઉપસ્થિત રહ્યા
- પ્રથમ લાઈનમાં નરેન્દ્ર મોદી, અમિત શાહની સાથે લાલ કૃષ્ણ અડવાણી દેખાયા
- શપથગ્રહણમાં પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા, પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા
- રૂપાણીએ શપથ લીધા બાદ નીતિન પટેલે શપથ લીધા
- કેબિનેટ તરીકે નવ અને ૧૧ રાજ્યકક્ષાના પ્રધાન તરીકે શપથ લીધા
- નીતિશ કુમાર ૧૫ વર્ષ બાદ ગુજરાત પહોંચ્યા
- બિહારના નાયબ મુખ્યમંત્રી સુશીલ કુમાર મોદી પણ ઉપસ્થિત રહ્યા

- ગોવાના મુખ્યમંત્રી મનોહર પારીકર, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર, આસામના મુખ્યમંત્રી સોનોવાલ, છત્તીસગઢના મુખ્યમંત્રી રમનસિંહ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ફડનવીસ, ઉત્તરાખંડના મુખ્યમંત્રી ત્રિવેન્દ્રસિંહ, રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે, બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર ઉપસ્થિત રહ્યા
- શપથવિધિ પહેલા મોદીએ એરપોર્ટથી સચિવાલય સુધી રોડ શો કર્યો
- મોદીનું અમદાવાદ વિમાની મથકે ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું
- વડાપ્રધાનને મોડેથી એરપોર્ટથી રૂપાણી અને અન્યોએ વિદાય આપી
- મોટી સંખ્યામાં મહેમાનોની હાજરીને ધ્યાનમાં લઈને કોઈ કચાસ ન રહી જાય તે માટે જોરદાર આયોજન કરવામાં આવ્યુ હતુ
- મોટી સંખ્યામાં સાધ સન્તો પણ સ્ટેજની શોભા વધારવા હાજર રહ્યા
- ગાંધીનગરના નવા સચિવાલય ગ્રાઉન્ડ ખાતે શપથવિધીને લઈને તૈયારી ગઈકાલે જ પૂર્ણ કરવામાં આવી હતી.
- સચિવાલયમાં વાહનોના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ
- શપથગ્રહણના સ્થળ, વિધાનસભા સંકુળ અને નજીકના હેલિપેડ ખાતે તૈયારી પૂર્ણ કરાઈ
- છેલ્લા કેટલાક દિવસથી તડામાર તૈયારી ચાલી રહી હતી
- ચુસ્ત અને સઘન સુરક્ષા બંદોબસ્ત રાખવામાં આવ્યુ હતુ
- શપથ સ્થળ પર મોટા સ્ક્રીન લોકો માટો સ્થાપિત કરવામાં આવ્યા હતા
- શપથગ્રહણ કાર્યક્રમ માટે ત્રણ જુદા જુદા મંચ બનાવાયા
- ૪૦૦૦થી વધુ વીઆઈપી લોકો ઉપસ્થિત રહ્યા
- સવારે ૧૧.૩૦ વાગે શપથવિધિ કાર્યક્રમની શરૂઆત થઈ
- ૧૨૦૦૦થી પણ વધુ લોકોની બેસવાની વ્યવસ્થા કરાઈ

અમદાવાદ એરપોર્ટ પર શાહ, રૂપાણી અને અન્યો દ્વારા ભવ્ય સ્વાગત

એરપોર્ટથી સચિવાલય સુધી મોદીનો રોડ શો

એરપોર્ટથી ગાંધીનગરના માર્ગ ઉપર રેલી સ્વરુપે મોદીએ લોકઅભિવાદન ઝીલ્યું : સંગીતના વિવિધ વાદ્યોની સુરાવલીઓ વચ્ચે સ્વાગત કરવામાં આવ્યું

ગાંધીનગર,તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ શપથવિધિ કાર્યક્રમમાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા. મોદીએ એરપોર્ટથી લઈને સચિવાલય સુધી ફરી એકવાર રોડશો કરીને તમામનુ ધ્યાન ખેંચ્યું હતું. ભાજપ અને એનડીએ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને અન્યો ઉપસ્થિત રહ્યા હતા. ભાજપે શક્તિપ્રદર્શન કર્યું હતું. આજે સવારે અમદાવાદ વિમાની મથકે પહોંચેલા મોદીનું ભવ્ય સ્વાગત કરવા માટે ભાજપ અધ્યક્ષ અમિત શાહ ઉપરાંત મુખ્યમંત્રી વિજય રૂપાણી અને અન્ય નેતાઓ પહોંચ્યા હતા. ત્યારબાદ મોદીએ એરપોર્ટથી લઈને સચિવાલય સુધી રોડ શો કર્યો હતો. મોદીના રોડ શો દરમિયાન સમગ્ર રસ્તામાં જુદા જુદા કાર્યક્રમો યોજાયા હતા. લોકોએ ઢોલ નગારા વગાડીને મોદીનું સ્વાગત કર્યું હતું. આની સાથે જ ગુજરાતમાં ભાજપની છઠ્ઠી વખત સરકાર બની ગઈ છે. ગાંધીનગરને કિલ્લામાં આજે

ફેરવી દેવામાં આવ્યું હતું. હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૧૮૨ બેઠકો પૈકી ૯૯ સીટો જીતી હતી. મોદી એરપોર્ટ ખાતે પહોંચ્યા ત્યારે સ્વાગત માટે રાજ્યપાલ કોહલી પણ ઉપસ્થિત હતા. અમદાવાદના મેયર ગૌત્તમ શાહ, પોલીસ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી તથા મંત્રીમંડળના શપથવિધિ સમારોહમાં ઉપસ્થિ રહેવા માટે અમદાવદા એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા બાદ અમદવાદથી ગાંધીનગર માર્ગ પર રેલી સ્વરુપે લોકોનું અભિવાદન ઝીલી ગાંધીનગર પહોંચ્યા હતા. વડાપ્રધાનનું સ્વાગત ભાતીગળ લોકનૃત્યો તથા સંગીતના વિવિધ વાદ્યોની સુરાવલીઓ વચ્ચે કરાયું હતું.

વડાપ્રધાને પણ લોકોના અભિવાદનને હાથ હલાવી ઉમળકાભેર સ્વીકાર્યું હતું. ગુજરાતના મુખ્યમંત્રી તથા મંત્રી મંડળના શપથવિધિ સમારોહમાં ઉપસ્થિત રહ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે અમદાવાદ એરપોર્ટથી દિલ્હી જવા રવાના થયા ત્યારે રાજ્યપાલ ઓપી કોહલી અને મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એરપોર્ટ ખાતે ઉપસ્થિત રહી તેમને ભાવસભર વિદાય આપી હતી. વડાપ્રધાનની વિદાય વેળાએ મુખ્ય સચિવ ડો. જેએન સિંઘ, ઈન્ચાર્જ પોલીસ મહાનિદેશક પ્રમોદકુમાર ઝા, કલેક્ટર અવંતિકા સિંઘ, પોલીસ કમિશનર એકે સિંઘ તથા વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યપ્રધાન કાફલાની કારને ઈન્દિરાબ્રિજ પાસે અકસ્માત

શપથમાં હાજરી આપ્યા બાદ મહાનુભાવો રવાના : શપથ વેળા બધા વીઆઇપી-વીવીઆઇપી મહાનુભાવોની અવરજવરના લીધે ઇન્ટરનેશનલ એરપોર્ટ ધમધમતું રહ્યું

અમદાવાદ, તા. ૨૬

ભાજપની નવી સરકાર અને પ્રધાનમંડળનો શપથવિધિ સમારોહ ગાંધીનગરમાં સંપન્ન થયા બાદ વીઆઈપી અને વીવીઆઈપી મહાનુભાવો રવાના થઈ ગયા હતા, જેને લઈ અમદાવાદ એરપોર્ટ ફરી એકવાર આજે મોંઘેરા મહેમાનોની ચહલપહલથી ધમધમી ઉઠયુ હતું. દરમ્યાન ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ઈન્દિરાબ્રીજ સરણીયાવાસ પાસેથી કોસ થઈ રહ્યો હતો ત્યારે જ મુખ્યમંત્રી વિજય રૂપાણીના કોન્વોયના કાફલાની એક કારે અચાનક ઈમરજન્સી બ્રેક અચાનક મારતાં પાછળ આવતી કોન્વોયની ચાર ગાડીઓ એકબીજા સાથે ધડાકાભેર અથડાઈ હતી. જો કે, આ અકસ્માતમાં સદ્‌ભાગ્યે કોઈ મહાનુભાવને ઈજા થઈ ન હતી. જો કે, સીએમના કોન્વોયના કાફલાની કારને અકસ્માતની ઘટનાને પગલે ભારે ચકચાર મચી ગઈ હતી.

આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, ભાજપ સરકારના શપથવિધિ સમારોહમાં હાજરી આપ્યા બાદ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તેમના કોન્વોય સાથે એરપોર્ટ તરફ રવાના થયા હતા. એ વખતે ઈન્દિરાબ્રીજ સરણીયાવાસ પાસેથી યોગી આદિત્યનાથનો કાફલો પૂરપાટ ઝડપે કોસ થઈ રહ્યો હતો બરાબર એ જ વખતે મુખ્યમંત્રી વિજય રૂપાણીનો કાફલો વડાપ્રધાનને એરપોર્ટ ઉતારી પરત આવી રહ્યો હતો ત્યારે યોગીના કાફલાને પહેલા જવા દેવાની પ્રક્રિયામાં મીસકોમ્યુનીકેશન થતાં મુખ્યમંત્રીના કોન્વોયની કારના ડ્રાયવરે અચાનક ઈમરજન્સી બ્રેક મારી હતી, જેના કારણે પાછળ આવતી કોન્વોયની એન્ય કારો પણ એકબીજા સાથે અથડાઈ હતી. જો કે, આ અકસ્માતમાં કોઈને ઈજા પહોંચી ન હતી, તેથી સુરક્ષા કાફલાના જવાનોએ પણ રાહતનો દમ લીધો હતો. જો કે, સીએમના કાફલાને અકસ્માત નડયાની ઘટનાને પગલે ભારે ચકચાર મચી ગઈ હતી.

સમગ્ર રાજ્યમાં સૌથી વધુ મતે જીતેલા

આનંદીબેનના ખાસ ભૂપેન્દ્ર પટેલને મંત્રીમંડળમાં સ્થાન ન મળ્યું

સમાવેશ કરવામાં નહીં આવતા કાર્યકરોમાં આશ્ચર્ય

ગાંધીનગર,તા.૨૬

ગુજરાતમાં નવી રચાયેલી રૂપાણી સરકારના મંત્રીમંડળમાં ઘાટલોડિયાના ભાજપના ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલનો સમાવેશ કરવામાં નહીં આવતા કાર્યકરોમાં આશ્ચર્ય ફેલાયું છે. રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકોના પરિણામમાં સૌથી વધુ ૧.૧૭ લાખની લીડ સાથે ભૂપેન્દ્ર પટેલ ચૂંટાયેલા છે. પરંતુ તેઓ આનંદીબેનના નજીકના હોવાથી તેમનું પત્તું કપાઈ ગયું છે.

ઘાટલોડિયા વિધાનસભાના ધારાસભ્ય તરીકે આનંદીબેન પટેલના સ્થાને ભૂપેન્દ્ર પટેલને ટિકિટ આપવા માટે બેન અને અમિત શાહ વચ્ચે વિવાદ સર્જાયો હતો. જેમાં અમિત શાહે તેમના ખાસ બિપીન પટેલને ટિકિટ આપવાની રજૂઆત કરી હતી. તો બેને પણ પોતાની ઘાટલોડિયા બેઠક પરથી પોતાના જ અંગત એવા ભૂપેન્દ્ર પટેલને ટિકિટ આપવા દબાણ કર્યું હતું.

બેન અને અમિત શાહની ઘાટલોડિયા વિધાનસભાની ટિકિટની લડાઈના મામલે આનંદીબેને ઉમેદવારોની પસંદગી પહેલા જ ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી હતી. આમ ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા સીટોમાં સૌથી વધુ મતે જીતેલા અને પાટીદાર સમર્થિત ઘાટલોડિયામાંથી જીત મેળવનાર ભૂપેન્દ્ર પટેલની

ભીલોડાના વાંદીયોલ ગામે અરવલ્લી લીમ્બચ સમાજનો ઈનામ વિતરણ અને સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા.૨૬

પ્રઅરવલ્લી જીલ્લાના ભીલોડા તાલુકાના વાંદીયોલ ગામે સોમવારના

રોજ અરવલ્લી લિમ્બચ સેવા સમાજનો જીલ્લા કક્ષાનો પ્રથમ ઈનામ વિતરણ અને સ્નેહ મિલન કાર્યક્રમ ડાહ્યાલાલ.એમ.વૈધના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. સાબર સેવા સંઘ પાલ્લા સંચાલીત સાબર સ્કુલ ઓફ નર્સિંગ અને ઉચ્ચતર વિધ્યાલય વાંદિયોલ ખાતે નાયી,વાળંદ સમાજનો સ્નેહ મિલન,ઈનામ વિતરણ અને સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નાયી,વાળંદ સમાજના વ્યક્તિ વિશેષશ્રીઓનુ સન્માન અને તમામ ફેકલ્ટીના તેજસ્વી તારલાઓને શિક્ષણ ક્ષેત્રેપ્રોત્સાહિત કરવા ઈનામોઆપવામાં આવ્યા હતા. જીલ્લાના પ્રથમ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પીએસઆઈ ભીખાભાઈ શર્મા, વિજયભાઈ વાળંદ, પ્રણભાઈ પારેખ, પ્રવિણભાઈ નાયી, બાબુભાઈ નાયી, આ તાલુકા વિકાસ અધિકારી મૌલીકભાઈ શર્મા, અરવલ્લી લિમ્બચ સમાજના પ્રમુખ બાબુભાઈ.ટી.નાયી, નિવૃત્ત નાયબ નિયામક વસંતભાઈ વાળંદ, કાનજીભાઈ વાળંદ, સંતશ્રી શિવરામ શર્મા તેમજ સમાજના અગ્રણીઓ, જ્ઞાતિજનો અને આમંત્રીત મહેમાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

પાલનપુરમાં બાઈકચાલકને પીએસઆઈએ ધમકી આપી હોવાની ફરિયાદ

મહિલા કારચાલકે યુવકનો ફોન નંબર લઇ ઘરે જઇ પી.એસ.આઇ ભાઈ પાસે ફોન કરાવ્યો હોવાની રાવ

પાલનપુરની સ્ટેટબેંક સોસાયટી બેચરપુરા ખાતે રહેતા બાબુભાઈ સૈનીનો પુત્ર તેજસ ગત ૧૭મી ડિસેમ્બરના રોજ બાઈક લઈને કલ્યાણતંત્ર ભવન (લાલ બંગલા) સામેથી પસાર થઈ રહ્યો હતો. દરમિયાન, આગળ જતી કારના મહિલા ચાલકે ઓચિંતી બ્રેક કરતાં બાઈક કારની પાછળ અથડાયું હતુ. ત્યારે મહિલાએ કારને થયેલા સામાન્ય નૂકશાન માટે નાણાંની માંગણી કરી રકઝકના અંતે યુવકનો મોબાઈલ નંબર લઈ ઘરે ગઈ હતી. દરમિયાન, થોડીવાર પછી સામેથી ફોન આવ્યો હતો. જેમાં હું પોલીસ ઈન્સપેકટર બોલું છુ. ખર્ચો આપે છે કે ફરિયાદ કરૂ તુ મને ઓળખતો નથી. તને ગમે ત્યાંથી ઉપાડી જઈશ. આવી ધમકી આપતાં યુવકના પિતા બાબુભાઈ સૈનીએ ટર્યુકોલરમાં નંબર તપાસતાં આ નંબર પી.એસ.આઈ નિલેશ ચૌધરીના નામનો હોવાનું જાણવા મળ્યું હતું. આ પી.એસ.આઈ પાટણમાં ફરજ બજાવતાં હોઈ અને કાર ચાલક તેમની બહેન થતા હોવાનું જાણવા મળ્યું હતુ. આથી પોતાના પુત્રને કોઈ ખોટા ગૂનામાં ન સંડોવી દે અને અત્યાચાર ન કરે તે માટે ઘટતી કાર્યવાહી કરવા માટે જિલ્લા પોલીસવડાને રજૂઆત કરી હતી.

વડગામ વિધાનસભાના અપક્ષ ઉમેદવારે સાજીસ રચનારાઓને બેનકાબ કરવાની માંગ

અશ્વિન પરમારે ફોર્મ પરત નહી ખેંચવાના બે કરોડ રૂપિયા લીધા હોવાની ઓડિયો કલીપ વાયરલ થઇ હતી

બનાસકાંઠા જિલ્લાની વડગામ વિધાનસભાની ચૂંટણી દરમિયાન અપક્ષ ઉમેદવારે રૂપિયા બે કરોડ લઈ પોતાનું ફોર્મ પરત નહી ખેંચે જેના કારણે ભાજપના ઉમેદવારનો પરાજય થશે તેવી ઓડિયો કલિપ સોશિયલ મિડીયામાં વાયરલ થઈ હતી. જે અંગે અશ્વિન પરમારે એલ.સી.બી પી.આઈ.ને રજુઆત કરી આ ઓડિયો કલીપ વાયરલ કરી પોતાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડનાર તત્વોને બેનકાબ કરવાની માંગ કરી હતી.

વડગામ વિધાનસભા બેઠક ઉપર ભાજપે વિજય ચકવર્તીને ઉમેદવાર તરીકે પસંદ કર્યા હતા. જોકે, કોંગ્રેસ દ્વારા અંતિમ સમય સુધી કોઈને મેન્ડેડ આપવામાં આવ્યું ન હતુ. ત્યારે પૂર્વ ધારાસભ્ય સ્વ. દોલતભાઈ પરમારના પુત્ર ડીસાના અશ્વિનભાઈ પરમારે અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવી હતી. જોકે, ચૂંટણી પ્રચાર દરમિયાન સોશિયલ મિડીયા ઉપર એક ઓડીયો કલિપ વાયરલ થઈ હતી. જેમાં રમેશ નામનો શખ્સ સામેના શખ્સને ફોન ઉપર અપક્ષ ઉમેદવાર અશ્વિનભાઈ પરમારનું નામ લઈ તેમણે ફોર્મ પરત નહી ખેંચવા માટે રૂપિયા બે કરોડ લીધા હોવા સહિતની ચર્ચા કરતા સાંભળવા મળ્યા હતા. આથી અશ્વિનભાઈ પરમારે આ બંને શખ્સોની સાજીસથી પોતાની પ્રતિષ્ઠાને હાની પહોચી હોઈ તેમજ ચૂંટણીમાં આર્થિક, સામાજીક અને રાજકીય રીતે નૂકશાન થયું હોઈ બંને શખ્સોને ખુલ્લા પાડી તેમની સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તે માટે એલસીબી પીઆઈને લેખિત રજૂઆત કરી છે.

સરકારના શપથ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આહીર, વિભાવરી દવે, રમન પાટકર અને કિશોર કાનાનીનો સમાવેશ થાય છે. શપથ વિધીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિવિધ રાજ્યોના મુખ્યપ્રધાન હાજર રહ્યા હતા. ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીમાં રેકોર્ડ સતત છઠ્ઠી વખત જીત હાંસલ કર્યા બાદ હવે આજે નવી સરકારની શપથવિધી થઈ હતી. રૂપાણી સરકારના શપથવિધીને લઈને તમામ તૈયારી પહેલાથી જ પૂર્ણ કરી લેવામાં આવી હતી. આજે ગાંધીનગરના નવા સચિવાલય ગ્રાઉન્ડ ખાતે શપથવિધી યોજાઈ હતી. જેની તૈયારી છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહી હતી. શપથવિધીને ભવ્ય અને શાનદાર બનાવવા માટે ભાજપના ટોપના નેતાઓ અને કાર્યકરો લાગેલા હતા. ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે વિજય રૂપાણી ફરી એકવાર રાજ્યના મુખ્યપ્રધાન બન્યા છે. જ્યારે નાયબ મુખ્યપ્રધાન તરીકે પણ નિતિન પટેલને જારી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યા બાદ આજે શપથ લીધા હતા. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં જીત મેળવ્યા બાદથી શપથવિધીને લઈને તૈયારી શરૂ કરવામાં આવી હતી. હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી ભારે રોમાંચક રહી હતી. તીવ્ર સ્પર્ધા બાદ ભાજપે બહુમતિ મેળવી લીધી હતી. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ૯૯ સીટ મળી હતી. શપથગ્રહણ સમારોહ માટે ત્રણ મંચ બનાવવામાં આવ્યા હતા. એક પર શપથગ્રહણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. બીજા પર સાધુ સંતોના બેસવાની વ્યવસ્થા હતા અને ત્રીજા મંચમાં વીવીઆઈપી લોકો હતા. કાર્યક્રમમાં ૪૦૦૦થી વધુ વીઆઈપી લોકો ઉપસ્થિત રહ્યા હતા.

સ્ટ્રાઈક પાર્ટ-૨

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્યારે પાકિસ્તાનમાં ભારતીય નાગરિક કુલભૂષણ જાદવના પરિવારના સભ્યો તેમને મળી રહ્યા હતા. પાકિસ્તાની મિડિયામાં આવી રહેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, પાકિસ્તાની સૈનિકોના મોતના અહેવાલને સમર્થન મળી ગયું છે.

શનિવારના દિવસે પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કરતા એક મેજર સહિત ચાર ભારતીય જવાનો શહીદ થયા હતા. એલઓસી નજીક કેરી સેક્ટરમાં આ ઓપરેશન પાકિસ્તાન તરફથી હાથ ધરાયું હતું. પાકિસ્તાની સૈનિકોએ ભારતીય સૈનિકોની પેટ્રોલ ટુકડી પર ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારમાં મેજર મોહારકર પ્રફુલઅંબાદાસ, લાન્સનાઈક ગુરમેલસિંહ, સિપાહી ફરગતસિંહ ગંભીરરીતે ઘાયલ થયા હતા. ત્યારબાદ સારવાર દરમિયાન તેમના અવસાન થયા હતા. મેજર અંબાદાસ ૩૨ વર્ષીય હતા. તેઓ મહારાષ્ટ્રના ભંડારા જિલ્લાના હતા. જ્યારે લાન્સનાઈક ગુરમેલસિંહ ૩૪ વર્ષીય હતા અને તેઓ અમૃતસરના હતા. ૩૦ વર્ષીય સિપાહી પરગતસિંહ હરિયાણાના કર્નાલ જિલ્લાના હતા. પાકિસ્તાની કાયરતાપૂર્વકની કાર્યવાહીનો ભારતીય જવાનોએ જોરદાર જવાબ આપ્યો છે. પાકિસ્તાની સૈનિકો આતંકવાદીઓને ભારતમાં ઘુસાડવાના હેતુસર વારંવાર અંધાધૂંધ ગોળીબાર કરે છે. અનેક વખત તેમને સફળતા પણ મળે છે જ્યારે અનેક વખત ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવે છે.

કમાન્ડર ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

તીવ્ર ઠંડી હોવા છતાં આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહીમાં સેનાની રાષ્ટ્રીય રાયફલ રેજીમેન્ટના જવાનોએ એક મકાનને ઘેરી લઈને ઓપરેશન હાથ ધર્યું હતું. ચારેય બાજુથી ઘેરાઈ ગયા બાદ ત્રાસવાદીઓએ બચવા માટે ગોળીબાર કર્યો હતો. આ ઓપરેશન એક કલાક સુધી ચાલ્યું હતું. ઠાર થયેલા ત્રાસવાદી જૈશે મોહમ્મદના હોવાનું જાણવા મળ્યું છે. માર્યા ગયેલા કમાન્ડરનું નામ નૂર મોહમ્મદ છે જે છેલ્લા ઘણા દિવસથી પુલવામામાં જૈશે મોહમ્મદ માટે કામ કરી રહ્યો હતો. પુલવામામાં બે આતંકવાદીઓ હોવાની વિગત સપાટી ઉપર આવી હતી. ઓપરેશન ઓલઆઉટમાં હજુ સુધી વર્ષ ૨૦૧૭માં ૨૦૦થી વધુ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારાયા છે.

દબદબો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોગી આદિત્યનાથ, હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર, આસામના મુખ્યમંત્રી સર્બાનલ સોનોવાલ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવિસ, ઉત્તરાંખડના મુખ્યમંત્રી તિવેન્દ્રસિંહ, છત્તીસગઢના મુખ્યમંત્રી રમનસિંહ પણ ઉપસ્થિ રહ્યા હતા. શપથવિધિમાં ૪૦૦૦ વીઆઈપી લોકો પણ ઉપસ્થિત રહ્યા હતા. શપથવિધી મારફતે શક્તિપ્રદર્શનની પણ તૈયારી ભાજપ દ્વારા કરવામાં આવી હતી. ગાંધીનગરમાં જુદી જુદી ગાડી, બસમાં ભરીને કાર્યકરો પહોંચ્યા હતા. ગાંધીનગર સચિવાલય તરફ દોરી જતા તમામ રસ્તા હાઉસફુલ રહ્યા હતા. કાર્યકરોથી ભરચક તમામ રસ્તા દેખાઈ રહ્યા હતા. તમામ જગ્યાએ ભારે સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી.

નવાં કલેવર

● ૪ પાનાનું ચાલુ...

હવે હું તમને પૂછું છું કે તમે મારું લખેલું આ શું કામ વાંચો છો, ચોખ્ખું કહેવા માટે બીજો કોઈ ઉપાય નહોતો. તમે કહેશો કે સમય વિતાવવા માટે અરે ભાઈ, સમય તો ક્યાં અટકે જ છે. તે તો વિતતો જ રહે છે. સમય ક્યારેય અટકતો નથી. તે તો ચાલતો જ રહે છે. તે કંઈક લખે છે કે નથી પણ લખતો છતાં ચક્કર ફર્યા કરે છે. તેને આપણે સમયચક્ર કહીએ છીએ.

હું જાણું છું કે તમે પણ સમયના ચક્કરમાં આવી ગયા. સમય આપણને સૌને છોડવાનો નથી. એક એક પળ વીતે તેનાથી દિવસ, રાત અને વરસ બને છે. ભીંત પરના કેલેન્ડરની જેમ વરસ બદલતા રહે છે. ચાર દિવસ પછી આ વરસ પૂરું થઈ જશે અને નવું વરસ બેસશે. એમ જ જીવન નિરંતર ચાલ્યા કરે છે.

હું એ માટે લખું છું કે તમે વાંચો છો. પરંતુ એ પણ એટલું જ સાચું છે કે તમે નહીં વાંચો તો પણ હું તો લખતો જ રહીશ, નિરંતર, સમયની જેમ અબાધ અટક્યા વિના. મારી કલમ ક્યારેક અટકતી નથી.

મારું લેખન ક્યારેય એટલે કે લેખ તમને જૂનો નહીં લાગે. જ્યારે વાંચતો ત્યારે નવો જ લાગશે. મારા લેખનની આ ઓળખ છે અને રહેશે.

વરસ ભલે વિદાય લેતું, હું તમારાથી વિદાય નહીં લઉં. મારું લેખન સાશ્વત છે, અને હંમેશા રહેશે. એ સત્યં શિવમૂ સુંદરમ્ છે. ચિર સાશ્વત છે.

હેલ્લો ફ્રેન્ડ્સ

● ૪ પાનાનું ચાલુ...

આ ફિલ્મ વધારેમાં વધારે લોકો સુધી પહોંચે એ માટે અત્યારે જોરદાર કેમ્પેનિંગ ચાલુ છે. ૨૦૧૮ની ૨૬ જાન્યુઆરીએ આવનારી આ ફિલ્મ વિષય અને સામાજિક જાગૃરતા માટે જરૂરી છે. 'પેડમેન' ફિલ્મ જો પ્રેક્ષકોને પસંદ પડી તો અવશ્ય સેનેટરી નેપ્કીન ઘરોઘર વપરાંતા થશે !!

ચૂંટલો : 'પેડમેન' ફિલ્મની હિરોઈન રાધિકા આપ્ટેના પરિવારમાં બધાં ડૉક્ટર છે, એટલે સેનેટરી નેપ્કીનની માહિતી હતી. જયારે રાધિકાને પ્રથમ વખત માનસિક આવ્યું ત્યારે એ રડી પડી હતી, કારણ આ ચેન્જ એના માટે અઘરો હતો. સાંજે જયારે પપ્પાએ પ્રથમ માનસિક આવ્યાની પાર્ટી યોજી ત્યારે એ ખુશખુશાલ હતી. એની સૌથી બેસ્ટ ગિફ્ટ એની મમ્મીએ સેનેટરી નેપ્કીનનું માટું પેકેટ આપ્યું એ હતી !!